**ગાંધીનગર તાપમાન**
મહત્તમ : ૩૪.૮ ડીગ્રી
લઘુતમ : ૨૦.૮ ડીગ્રી
ભેજ
સવારે ૮૦ ટકા ● સાંજે ૫૪ ટકા




સમગ્ર ગુજરાત જે તહેવારની આતુરતાપૂર્વક આખું વર્ષ રાહ જુએ છે તે તહેવાર એટલે નવરાત્રી. નવયુવાનો તો ત્રણ મહિના પહેલા તેને લગતી તૈયારીઓ ચાલુ કરી દે છે. યુવાધન નવરાત્રીના દરેક સ્ટેપ્સને ખાસ બનાવવા ગરબા સાથે અલગ અલગ ડાન્સ ફોર્મને સાંકળીને દર વર્ષે ગરબામાં નવિનતા લાવે છે. આ વર્ષે બોલીવુડના છોગાળા, ઘુમર અને કમરિયા ગીતો પર નવયુવાનો-યુવતીઓ ગરબે ઘુમશે જેથી આ વખતના ગરબામાં આ કારણે ગરબા રમવાની સ્ટાઈલથી લઈને ડ્રેસીંગમાં પણ ટ્રેડીશનલની સાથે સાથે વેસ્ટર્ન લુક પણ વધારે જોવા મળશે. વળી આ વખતે શાળા કોલેજોમાં ૧૦ થી ૧૭ ઓકટોબર દરમિયાન નવરાત્રીની રજાઓ મળતા આનંદ બેવડાયો છે ત્યારે દશેરાના બીજા જ દિવસથી પરીક્ષાઓ પણ શરૂ થઈ રહી છે. પણ આપણું આ યુવાધન અત્યારે તો મા અંબાના પાવન પર્વ નવરાત્રીને વધાવવા થનગની ઉઠયું છે.

# આજથી ગાંધીનગર ખાતે રાજયકક્ષાની રાસ-ગરબા સ્પર્ધાનો પ્રારંભ

## ઊર્જા મંત્રી સૌરભભાઈ પટેલના હસ્તે શુભારંભ થશે
## જીએમઈઆરએસના ઓડિટોરિયમ ખાતે ચાર દિવસ સ્પર્ધા ચાલશે

ગાંધીનગર, તા.૩

રમત ગમત, યુવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ વિભાગ, ગુજરાત સરકાર તથા કમિશનર યુવક સેવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ, ગાંધીનગરના ઉપક્રમે રાજયકક્ષા નવરાત્રિ રાસ—ગરબા સ્પર્ધાનું આયોજન તા. ૪ થી ૭ ઓકટોબર, ૨૦૧૮ દરમ્યાન દરરોજ બપોરના ૧૨.૦૦ થી ૭.૦૦ કલાક દરમિયાન કરવામાં આવ્યું છે. આ સ્પર્ધા જીએમઈઆરસી મેડીકલ કોલેજ ઓડીટોરીયમ સીવીલ હોસ્પિટલ, ગાંધીનગર ખાતે યોજાશે. આ રાસ – ગરબા સ્પર્ધાનો આરંભ બપોરના ૧૨.૦૦ કલાકે ઉર્જા મંત્રી સૌરભભાઈ પટેલના હસ્તે કરવામાં આવશે.

રાસ- ગરબાની સ્પર્ધાની આરંભ સમારંભમાં મુખ્ય મહેમાન પદે ગુજરાત રાજય સંગીત નાટક અકાદમી, ગુજરાત રાજયના અધ્યક્ષ પંકજભાઈ ભટ્ટ અને રમત-ગમત યુવા અને સાંસ્કૃતિક પ્રવૃતિઓ વિભાગના સચિવ વી.પી. પટેલ ઉપસ્થિત રહેશે.

રાસ- ગરબાના પ્રથમ દિવસ એટલે કે તા. ૪ ઓકટોબર,૨૦૧૮ના રોજ ભાવનગર શહેર, પંચમહાલ, સુરેન્દ્રનગર, આણંદ, નવસારી, વડોદરા શહેર, પોરબંદર, અમરેલી, નર્મદા અને સુરત ગ્રામ્યના કલાકારો પોતાની કૃતિઓ રજૂ કરશે. તે ઉપરાંત તા. ૫ ઓકટોબર, ૨૦૧૮ના રોજ અમદાવાદ શહેર, દાહોદ, જામનગર શહેર, ખેડા, વડોદરા ગ્રામ્ય, પાટણ, વલસાડ, જુનાગઢ શહેર, ડાંગ, મહિસાગર અને મોરબી, તા. ૬ ઓકટોબર, ૨૦૧૭ ના રોજ રાજકોટ શહેર, ગાંધીનગર ગ્રામ્ય, અરવલ્લી, કચ્છ, ભાવનગર ગ્રામ્ય, મહેસાણા, બનાસકાંઠા, છોટા ઉદેપુર, તાપી, બોટાદ તથા તા. ૭ મી ઓકટોબર, ૨૦૧૭ ના રોજ સુરત શહેર, ગાંધીનગર શહેર, સાબરકાંઠા, જામનગર ગ્રામ્ય, રાજકોટ ગ્રામ્ય, અમદાવાદ ગ્રામ્ય, જુનાગઢ ગ્રામ્ય, ગીર સોમનાથ,ભરૂચ અને દેવભૂમિ દ્વારકાના કલાકારો દ્વારા પોતાની રસપ્રદ કૃતિઓ રજૂ કરવામાં આવશે.

રાજય કક્ષાની નવરાત્રિ રાસ- ગરબા સ્પર્ધાનું આયોજન યુવક સેવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ વિભાગના કમિશનર એસ.એ. પટેલના માર્ગદર્શન હઠેળ કરવામાં આવ્યું છે.

# શ્રી વડનગરા નાગર મંડળ દ્વારા વડિલોનું બહુમાન કરાશે

ગાંધીનગર, તા.૩

શ્રી વડનગરા નાગર મંડળ, ગાંધીનગર દ્વારા આગામી તા. ૭ ઓકટોબરને રવિવારના રોજ બપોરના ૩ થી ૬ કલાક દરમિયાન વિદ્યાર્થીઓનું અભિવાદન, વડિલોનું બહુમાન, અને સેવા નિવૃત જ્ઞાતિજનોને સન્માનિત કરવાના કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું છે. આ અંગે નાગર મંડળના પ્રમુખ પ્રહર અંજારીયા જણાવે છે કે જ્ઞાતિજનોએ પોતાના બાળકોની સ્વપ્રમાણિત માર્કશીટ તરંગભાઈ હાથી પ્લોટ નં. ૬૭૭ વાસ્તુનિર્માણ સોસાયટી સે-૨૧ મો. ૯૪૨૬૬૨૨૩૫૫ અથવા દિંગતભાઈ ઓઝા મો. ૯૩૭૭૮૯૮૭૦૭ ને તા. ૫-૧૦-૧૮ સુધીમાં પહોંચાડવા માટે જણાવાયું છે.

# સત્યાગ્રહ છાવણી ખાતે ટેટ પાસ ઉમેદવારોના ધરણા યોજાયા

ગાંધીનગર, તા.૩

ગાંધીનગર સત્યાગ્રહ છાવણી ખાતે આજરોજ પીટીસી-ટેટ પાસ ઉમેદવારો મોટી સંખ્યામાં આવી પહોંચ્યા હતા. સરકાર દ્વારા ધોરણ-૧ થી ૫ માં તાલુકા-જિલ્લા કક્ષાએ જગ્યા ખાલી હોવા છતા ભરતી કરવામાં ન આવતા ઉમેદવારોમાં રોષ ભભુકી ઉઠ્યો છે. ઉમેદવારોએ સત્યાગ્રહ છાવણી ખાતે એક દિવસીય પ્રતિક ધરણાનો કાર્યક્રમ યોજી તંત્ર કક્ષએ આવેદન પત્ર પાઠવી યોગ્ય કરવા રજુઆત કરી હતી.

સમગ્ર રાજયભરમાં દોઢ લાખ પીટીસી - ટેટ પાસ ઉમેદવારો બેકાર બની બેઠા છે. છેલ્લા ૧૦ વર્ષમાં રાજય સરકારના શિક્ષણ વિભાગ દ્વારા માત્ર ૪૦૦૦ ઉમેદવારોની ભરતી કરવામાં આવી છે. હાલના તબક્કે રાજયના વિવિધ જિલ્લા તેમજ તાલુકા કક્ષાએ ૬૫૦૦ કરતા વધુ પીટીસી ટેટ પાસ ઉમેદવારોની જગ્યા ખાલી છે. પરંતુ સરકાર દ્વારા ધો- ૧ થી ૫ માટે શિક્ષકોની ભરતી કરવામાં આવતી નથી. ત્યારે ટેટ પાસ-પીટીસી ઉમેદવારોની ૩૦૦૦ હજાર ઉમેદવારોની તાત્કાલીક ભરતી સરકાર દ્વારા કરવામાં આવે તેવી માંગ ટેટ પાસ ઉમેદવારોએ કરી છે. આજે શહેરની સત્યાગ્રહ છાવણી ખાતે રાજયભરમાંથી ટેટ પાસ -પીટીસી ઉમેદવારો મોટી સંખ્યામાં હાજર રહ્યા હતા. આ ઉમેદવારોએ આજે સરકાર સામે પોતાનો રોષ પ્રગટ કરી એક દિવસીય ધરણા યોજ્યા હતા. જયારે ૧૨ નવેમ્બર સુધીમાં ટેટ પાસ પીટીસી ઉમેદવારોની ભરતી સરકાર દ્વારા નહીં કરવામાં આવે તો પાટણ ખાતે આમરણાંત ઉપવાસ કરવામાં આવશે અને તમામ ઉમેદવારો પોતાની ડિગ્રી યુનિવર્સિટીને પરત આપશે તેવી ચિમકી ઉમેદવારોએ ઉચ્ચારી છે.




# ઓપીડીમાં આવતા દર્દીઓના બ્લડ સેમ્પલ ઓપીડીમાં જ લેવાશે

## દર્દીઓને લાઈનમાંથી મુકિત મળે તે માટે સિવિલ તંત્રનો નવતર અભિગમ

ગાંધીનગર, તા.૩

ગાંધીનગર સિવિલ હોસ્પિટલમાં ઈન્ડોર તેમજ આઉટડોર ઓપીડીના દર્દીઓના બ્લડ સેમ્પલ એક જ સ્થળે લેવામાં આવતા હતા. જેથી સવારથી બપોર સુધી બ્લડ સેમ્પલ આપવા માટે દર્દીઓની લાંબી કતારો સર્જાતી હતી, અને દર્દીઓને દિલ્હી થી દોલતાબાદનો ફેરો પડતો હતો. ત્યારે દર્દીઓને લાંબી લાઈનમાંથી છુટકારો મળે તે માટે સિવિલ તંત્ર દ્વારા આજથી ઓપીડી વિભાગ બિલ્ડીંગના ત્રીજા માળે બ્લડ સેમ્પલ લેવાની વ્યવસ્થા કાર્યરત કરી છે.

ગાંધીનગર શહેર જિલ્લામાં રોગચાળો બેકાબુ બની રહ્યો છે. વાઈરલ દર્દીઓનો સતત વધારો થતા ઓપીડી દર્દીઓથી ઉભરાઈ રહી છે. સિવિલમાં જુની બિલ્ડીંગના પ્રથમ માળે ઈન્ડોર અને આઉટડોર ઓપીડીના દર્દીઓના બ્લડ સેમ્પલ લેવામાં આવે છે. હોસ્પિટલની તમામ ઓપીડીઓના દર્દીઓને એક જગ્યાએ બ્લડ સેમ્પલ આપવાની વ્યવસ્થા હોવાથી ત્યાં સવારથી જ દર્દઓની લાંબી કતારો લાગતી હતી. દર્દીઓ કલાકો સુધી લાઈનમાં ઉભા રહે ત્યારે નંબર આવતો હતો. ત્યારે સિવિલ તંત્ર દ્વારા દર્દીના હિતને ધ્યાને રાખીને આજથી ઓપીડી બિલ્ડીગના ત્રીજા માળે ઓપીડીના દર્દીઓના બ્લડ સેમ્પલ લેવાની શરુઆત કરી છે. આ વ્યવસ્થાના કારણે દર્દીઓને બ્લડ સેમ્પલ આપવા છેક જુની બિલ્ડીંગ સુધી લાંબા થવુ નહી પડે તેમજ લાઈનમાં ઉભા રહેવામાંથી છુટકારો મળ્યો છે.આઉટડોર ઓપીડીમાંથી આવતા દર્દીઓના બલ્ડના સેમ્પલ ડી-૨ વિભાગમાં જ લેવામાં આવશે. તેમ સિવિલ સુપ્રિટેન્ડન્ટ ડો. નિયતી બેન લાખાણીએ જણાવ્યું છે.

# ગાંધી જયંતીએ હેપ્પી યુથ કલબનું સ્વચ્છતા અભિયાન

## મધુર ડેરીના સહયોગથી ‘ક’ રોડ પર યુવાનોએ કર્યું સફાઈ કાર્ય




ગાંધીનગર, તા.૩

ગાંધીનગરના સેવાભાવી યુવાનોની સ્વૈચ્છીક સંસ્થા હેપ્પી યુથ કલબ દ્વારા રાષ્ટ્રપિતા મહાત્મા ગાંધીની ૧૫૦મી જન્મ જયંતિ નિમિત્તે ‘‘સ્વચ્છતા અભિયાન’’ નું આયોજન કરવામાં આવ્યું હતું. મધુર ડેરીના સહયોગથી આયોજિત આ અભિયાનનો પ્રારંભ મધુર ડેરીના ચેરમેન ડો. શંકરસિંહ રાણાએ કરાવ્યો હતો. આ પ્રસંગે ડેરીના મેનેજિંગ ડિરેકટર મનોહરસિંહજી, પરચેઝ ઓફિસર હંસાબેન, જનસંપર્ક અધિકારી નીતિન મેકવાન તથા અશ્વિનભાઈ એ કોમર્સ કોલેજના એનએનએસ પ્રોગ્રામ ઓફિસર ડો. રણછોડભાઈ રથવી, સામાજિક અગ્રણી પ્રદીપસિંહ વાઘેલા, હેપ્પી યુથ કલબના કોશાધ્યક્ષ ભાવના રામી અને સભ્યો કિરીટભાઈ પારઘી, શિવાંગ પટેલ વગેરે ઉપસ્થિત રહ્યા હતા.

હેપ્પી યુથ કલબ આયોજિત સ્વચ્છતા અભિયાનમાં સંસ્થાના હોદ્દેદારો, સભ્યો સહિત ગાંધીનગરના સેક્ટર-૨૩ સ્થિત અશ્વિનભાઈ એ. પટેલ કોમર્સ કોલેજના એનએનએસ યુનિટના ૫૦ જેટલા યુવા સ્વંયસેવક જોડાયા હતા. તમામ સભ્યો અને યુવાનોએ મળીને ‘ક’ રોડ પર જીઆઈડીસીમાં મધુર ડેરીના ગેટથી ક-૫ સર્કલ સુધીના માર્ગ પર સફાઈ કાર્ય કર્યું હતું. આ પ્રસંગે મધુર ડેરીના ચેરમેન ડો. શંકરસિંહ રાણાએ મધુર ડેરીમાં તમામ યુનિટમાં પૂ. બાપુના સંદેશ મુજબ સ્વચ્છતા અને ગુણવત્તા પર વિશેષ ધ્યાન આપવામાં આવતું હોવાનું જણાવી યુવાનોને મહાત્મા ગાંધીના આદર્શોને જીવનમાં ઉતારવા હાકલ કરી હતી. સ્વચ્છતા અભિયાનને અંતે યુવાનોએ જીવનમાં દરેક તબબક્કે સ્વચ્છતા અપનાવવા અને કચરો ગમે ત્યાં નહીં ફેંકવાની આદત કેળવવાના શપથ લીધા હતા. મધુર ડેરી દ્વારા તમામ સ્વયસેવકો માટે મધુરનું ઠંડુ મિનરલ પાણી, ફ્લેવર્ડ મિલ્ક તથા નાસ્તાની સુવિધા પૂરી પાડવામાં આવી હતી.



# હરિમંદિર અક્ષરધામમાં છઠ્ઠીએ નિષ્કુળાનંદ કાવ્ય-૪નું પ્રવચન યોજાશે

ગાંધીનગર, તા.૩

આર્ષ શોધ સંસ્થાન દ્વારા હરિમંદિર અક્ષરધામ ખાતે તા. ૬ઠ્ઠી ઓકટોબરના રોજ ‘નિષ્કુળાનંદ કાવ્ય-૪ મનગંજન’ વિષય પરનું ૮૫મું પ્રવચન સાંજે સાડા ચાર કલાકે યોજાશે. જેમાં બા.પ્ર.પા.અ.સ. સ્વામિનારાયણ મંદિર સારંગપુરના મહા વિદ્વાન અને મહામહોપાધ્યાય, દર્શનકેસરી, અભિનવભાષ્યકાર, સંત પૂ. ભદ્રેશદાસ સ્વામી લાભ આપશે. આ પ્રવચનનો લાભ લેવા ધર્મપ્રેમી જનતાને ભાવભીનું નિમંત્રણ છે.

# ગાંધીનગર ક્રાઈમ બ્રાન્ચે નાસતો ફરતો આરોપી પકડયો

ગાંધીનગર, તા.૩

અમદાવાદ શહેર ડીસીબી પોલીસ સ્ટેશનના છેતરપીંડીના ગુન્હામાં છેલ્લા એક વર્ષથી નાસતા ફરતા આરોપીને ગાંધીનગર ક્રાઈમ બ્રાન્ચે બાતમીના આધારે શેરથા ટોલટેક્ષ ખાતેથી ઝડપી પાડયો હતો. આ મામલે પોલીસે વધુ તપાસ હાથ ધરી છે.

અમદાવાદ શહેર ડીસીબી પો. સ્ટે. (ક્રાઈમ બ્રાન્ચ)માં યુનુસ રમઝાનભાઈ ઘાંચીએ આંગડીયા પેઢીના નામે ફોન કરી પોતે પી. વિજય નામની આંગડીયા પેઢી ધરાવે છે અને બીજા કરતા સસ્તા દરે નાણાં ટ્રાન્સફર કરી આપવાના બહાને ફરિયાદી સહીત અન્ય એક સાહદના કુલ મળી રૂ. ૧.૩૧ કરોડની છેતરપીંડી કરી નાસતો ફરતો હતો. નાસતા ફરતા આરોપી અંગે ગત રોજ ગાંધીનગર ક્રાઈમ બ્રાન્ચના એએસઆઈ પુનમભાઈ, અજયકુમાર મહેન્દ્રસિંહ અને વિપુલભાઈનો પેટ્રોલીંગ દરમિયાન માહિતી મળી હતી જે માહિતીના આધારે પોલીસે તેને મહેસાણા-અમદાવાદ હાઈવે શેરથા ખાતેથી પકડી પાડયો હતો અને આ મામલે પોલીસે વધુ કાર્યવાહી શરુ કરી છે.

# ગાંધીનગર ડેપોના એસ.ટી. અધિકારીઓ કુંભકર્ણ નિંદ્રામાં

ગાંધીનગર, તા.૩

ગાંધીનગર એસ.ટી. ડેપોનો વહીવટ તદ્દન ખાડે ગયેલ છે. ડેપો મેનેજર કુંભકર્ણની નિંદ્રામાં છે તો કંટ્રોલ ઈન્સ્પેકટર તથા અન્ય અધિકારીઓ પણ લોલમલોલમાં હાજી પુરાવતા હોય તેમ જણાય છે.

એસ.ટી.ડેપોના ગ્રામ્ય તથા શહેરી વિસ્તારના ડેપોના બસ સ્ટેન્ડો પર લાખોના ખર્ચે લાલ રંગની દેખાય તેવા સ્ક્રીન સમયપત્રક માટે મુકેલ છે. જેમાં સવારના સમયે બપોરના, બપોરે સમયે સાંજના અને સાંજના સમયે મોડી રાત્રિના સમય બતાવે છે. મુખ્યમંત્રી તથા એસ.ટી.ના પ્રધાનો વોલ્વોના શુભારંભ વખતે પણ એસ.ટી.ના તંત્રએ આ ભૂલો હતી તો પણ ચકાસી નથી શું જેને કોન્ટ્રાકટ સર્વિસ માટે આપેલ હશે તેની પણ ફરજ નથી?

આ ઉપરાંત પુછપરછ કેન્દ્ર શહેરી બસ સ્ટેન્ડ ઉપર જવાબો આપવામાં કાળજી રખાતી નથી. એસ.ટી. રૂટો રદ થયેલ છે. અન્ય બસો કયાંથી મુકાય છે તેની જાણ કરાતી નથી તો કેવું તંત્ર!

એસ.ટી.ની કેન્ટીન છેલ્લા ત્રણેક માસથી બંધ છે. શું એસ.ટી. કેન્ટીન કોન્ટ્રાકટર પૂર્ણ થવા અગાઉ આ અંગેની કાર્યવાહી અધિકારીઓ કરી શકે નહિ પરંતુ એસ.ટી.ના મિલીભગત અધિકારીઓ ઈરાદાપૂર્વક કેન્ટીન બંધ રહે તેમ ઈચ્છતા હોય તેમ જણાય છે. એસ.ટી.ની દુકાનોમાં ભાવ મન ફાવે તેમ લેવાય છે તો તંત્રના અધિકારીઓ તથા ભાવ નિયંત્રણ અધિકારીની ફરજ નથી!

વિશેષમાં એસ.ટી.ડી.-પી.સી.ઓ. બંધ થયેલ છે તે જગ્યાએ બેંકના એટીએમ, અમુલ-મધુરના કેન્દ્રો તથા અન્ય જીવનપયોગી સ્ટોલો ના ખુલી શકે?

# પેથાપુરના સુધીર શાહને ગોલ્ડન એવોર્ડ એનાયત

ગાંધીનગર, તા.૩

પેથાપુરની શેઠ શ્રી મ.ભો. હાઈસ્કુલના મુખ્ય ટ્રસ્ટી સુધીરભાઈ શાહને બી.એસ. શાહ એજયુકેશનલ પબ્લીશર અમદાવાદને ફેડરેશન ઓફ પબ્લીશર એન્ડ બુક એસોસીએશને ગોલ્ડન એવોર્ડથી દિલ્હી ખાતે યોજાયેલ સન્માન સમારભમાં સન્માનિત કર્યા હતા.

દેશભરમાં માત્ર નવ ગોલ્ડન એવોર્ડ એનાયત કરવામાં આવ્યા છે તેમાં ગુજરાતમાં માત્ર બી.એસ. શાહ એજયુકેશનલ પબ્લીશર્સના સુધીરભાઈ શાહને આ એવોર્ડ એનાયત થયેલ છે. જેનાથી ગુજરાત સાથે પેથાપુર ગામનું પણ ગૌરવ વધારેલ છે. ગોલ્ડન એવોર્ડ એનાયત થયો ત્યારે સુધીર શાહના ધર્મપત્ની શર્મિષ્ઠાબેન શાહ પણ તેમની સાથે એવોર્ડ સ્વીકારવા હાજર રહ્યા હતા.

# શહેરમાં શ્રાધ્ધ પર્વે દૂધપાક-બાસુંદી-પુરી અને લાડુનું ઘેર ઘેર જમણ

## શ્રાધ્ધપક્ષમાં કાગવાસ ઉપરાંત બ્રહ્મભોજન અને દાનનો પણ મહિમા, પિતૃઓના મોક્ષ અર્થે શ્રાધ્ધ તર્પણ પણ કરાય છે

ગાંધીનગર, તા.૩

હિન્દુ ધર્મમાં ભાદરવા સુદ એકમથી અમાસ દરમિયાન પિતૃઓ માટે શ્રાધ્ધ કર્મ કરવામાં આવે છે. પિતૃઓનું શ્રાધ્ધ તિથિ અનુસાર ધાર્મિક વિધિ વિધાન મુજબ તર્પણ કરીને પણ કરાય છે તો શ્રાધ્ધ પક્ષમાં પિતૃઓના પરિવારજનો ઘરે દૂધપાક-ખીર-પુરી કે લાડુ જેવી વાનગીઓ બનાવી કાગવાસ અર્પણ કરી સહ પરિવાર ભોજન આરોગે છે વધુમાં બ્રાહ્મણોને ભોજન કરાવે અને દાન પુણ્ય કરીને પણ શ્રાધ્ધ પક્ષમાં પિતૃઓને તૃપ્ત કરવાનો મહિમા વર્ણવાયો છે.

વંશ પરંપરાગત કે શાસ્ત્રોકત વિધિ વિધાનથી પિતૃઓના આત્માને મોક્ષ પ્રાપ્ત થાય તેવા શુભ આશયથી શ્રાધ્ધ કર્મ ભાદરવા માસ દરમિયાન થતું હોય છે તેથી જ ભાદરવા માસને પિતૃઓનો મહિમા કહેવામાં આવે છે. સહપરિવાર એક સંપ થઈ આનંદિત વાતાવરણમાં દૂધપાક-ખીર પુરી કે લાડુનું જમણ કરી કાગવાસ થકી પિતૃઓને પણ શ્રાધ્ધ અર્પણ કરે તે પરિવાર ઉપર પિતૃઓની અસીમ કૃપા બની રહેતી હોવાનો શાસ્ત્રોમાં ઉલ્લેખ છે તેમજ પિતૃઓના આશીર્વાદથી પરિવારમાં સુખ-સમૃધ્ધિ, સ્વાસ્થ્ય અને વંશની વૃધ્ધિ થતી હોવાની લોક વાયકા ચાલી આવી છે.

શ્રાધ્ધ કર્મ પુર્વજના મૃત્યુ પછી એક વર્ષ બાદ શ્રાધ્ધમાં તેમને સામેલ કરી તર્પણ કરવામાં આવે છે. વિવિધ તિથિઓ તેમજ મૃત્યુના સંજોગો આધિન પણ શ્રાધ્ધ કર્મ કરાય છે. એટલે જ હાલમાં શહેરના દરેક ઘેર વિવિધ દિવસોએ સ્વાદિષ્ટ વાનગીઓના જમણ થઈ રહ્યા છે વધુમાં કેટલાક પરિવાર તીર્થસ્થાનો કે નદીના કિનારે શ્રાદ્ધ તર્પણ કરી ભોજન લેતા હોય છે. શ્રાધ્ધ પક્ષમાં દાદા-દાદી-માતા-પિતા, ભાઈ-બહેન કે ઘરના વડીલોના મૃત્યુ પછી તેમની તિથિએ શ્રાધ્ધની ઉજવણી કરાય છે જેમાં ઘરે બનાવેલ ભોજન ગાય-કુતરાંને ખવડાવી કાગવાસ નાંખી પરિવાર અને બ્રાહ્મણોને ભોજન કરાવાય છે. આમ શ્રાધ્ધ પક્ષ દરમિયાન હાલ શહેરમાં ઘેર ઘેર સ્વાદિષ્ટ ભોજનની મહેંક પ્રસરી રહી છે.




લાયોનેસ કલબ ગાંધીનગર દ્વારા નંદનવન આશ્રમ શાળા અને સેકટર ૧૩ની બે સરકારી શાળાના ૩૫૦ જેટલા વિદ્યાર્થીઓને ગરમ નાસ્તાનું વિતરણ કરવામાં આવ્યું. લાયોનેસ કલબના પ્રમુખ ડિમ્પલ દેસાઈ મંત્રી પ્રીતીબેન શર્મા તથા પૂર્વપ્રમુખ મીનાબેન પટેલ પ્રજ્ઞાબેન ઠક્કર તથા કલબના સભ્યો મોટી સંખ્યામાં હાજર રહ્યા હતા. તથા આ કાર્યક્રમના સ્પોન્સરર લાયોનેસ ભાનુબેન ,ગીતાબેન પટેલ તથા પુનિતાબેન પટેલ રહ્યા હતા.શાળાના શિક્ષકો નો પણ સાથ સહકાર રહયો હતો.બાળકોને પણ ખુબ મઝા આવી હતી.

## ચિરવિદાય

- સ્વ. ભીખાભાઈ ગોવિંદભાઈ રાવળ, ઉ.વ. ૧૫
- સ્વ. પાયલબેન રણજીતજી મકવાણા, ઉ.વ. ૧૮
- સ્વ. રાણા વિજયસિંહ ભૂપતસિંહ, ઉ.વ. ૩૮
- સ્વ. બેલદાર નરસિંહભાઈ કાનજીભાઈ, ઉ.વ. ૮૫